**ભાસ્કર એક્સક્લુઝિવ** મ્યૂઝિક કોલેજના ડીને તબલાની ઉત્પત્તિની માન્યતા ફેરવી તોડી

# તબલાના જન્મદાતા 13મી સદીના અમીર ખુશરો નહીં, 11મી સદીના સ્વાતિ મુનિ છે

## મહાવિદ્યાલયો, દૂરદર્શનમાં અમીર ખુશરોને જ તબલાંના જન્મદાતા મનાય છે

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

ભારતમાં તબલાની શોધ 13મી નહીં 11મી સદીમાં થઈ હતી. ભારતમાં વિદેશી અમીર ખુશરો નહીં પરંતુ તેના પણ જન્મના 100 વર્ષ પહેલા દેરાસરમાં તબલાની શરૂઆત થઈ હોવાનું પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના સિનિયર પ્રોફેસર અને વર્તમાન ડીને 15 વર્ષના રિસર્ચમાં શોધી નાખ્યું છે.

એમ.એસ.યુનિવર્સિટીની પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીના ડીન અને સીનીયર પ્રધ્યાપક પ્રો. ગૌરાંગ ભાવસારે ભારતમાં તબલા વિદેશીઓ લાવ્યા ન હતા, તબલાનો જન્મ ભારતમાં જ થયો હોવાનું શોધી કાઢ્યું છે. પ્રો.ગૌરાંગ ભાવસારે જણાવ્યું હતું કે, બહુ મોટો વર્ગ એવું માને છે કે, 13મી સદીના અલ્લાઉદ્દીન ખિલજીના દરબારી કવિ હજરત અમિર ખુશરોએ તબલા વાદ્યને બનાવ્યું છે. આ વાત છેલ્લા 700 વર્ષથી ભારતના સંગીત જગતમાં ચર્ચાનું કેન્દ્ર છે. ભારતની સંગીત મહાવિદ્યાલયો, દૂર-દર્શન, આકાશવાણી વગેરે મહત્વના સંસ્થાનોમાં પણ અમીર ખુશરો તબલાના જન્મદાતા છે તે વાતને પ્રસારીત કરવામાં આવે છે.

પરંતુ ભારતીય સંગીતના અતિ પ્રાચીન ભવ્ય ઈતિહાસને વાગોળતાં તબલાની ઉત્પત્તિના ઈતિહાસને લઈને કંઈ કેટલાય તર્ક-વિતર્કો મનમાં ઉપસ્થિત થયા અને કંઈક તથ્ય શોધવાનું વિચાર્યું. 15 વર્ષથી તબલની ઉત્પત્તિ ભારતમાં જ થઈ છે તે બાબત પર સંશોધન કરતાં મેં ભારતના પ્રાચીન શિલ્પ-સ્થાપત્યો-મંદિરો-ગુફાઓનો અભ્યાસ કરતાં તબલાંની અનેક મૂર્તિઓ કે જે પ્રથમ શતાબ્દી થી લઈને 11મી શતાબ્દીઓના ભારતના પ્રાચીન શિલ્પ-સ્થાપત્યોમાંથી પ્રાપ્ત થઈ અને એ સાબિત થયું કે તબલાં એ ભારતનું જ વાદ્ય છે અને તબલાના જન્મદાતા 'સ્વાતિ મુનિ' છે.



ઈડર ગઢમાં 11મી સદીના શિલ્પોમાં તબલા વગાડતી મૂર્તિઓ જણાય છે.



12મી શતાબ્દીમાં અંકોરવાટ, કબોડિયામાં તબલા વગાડતી મૂર્તિ.

### તબલાનું શિલ્પ ઈ.સ. 1144 થી 1178નું, અમિર ખુશરોથી 100 વર્ષ જૂનું



પ્રો. ગૌરાંગ ભાવસાર
ડીન પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટી

પ્રો.ગૌરાંગ ભાવસારે જણાવ્યું હતું કે અમિર ખુશરાનો જન્મ ઈ.સ. 1953માં તથા મૃત્યુ ઈ.સ 1965માં થયું, મારા સંશોધન વાળા તબલા વાદ્યનું શિલ્પ છે તે જૈન દેરાસરમાં કુમાર પાળ રાજાએ ઈ.સ. 1144થી 1178 ના સમયમાં બનાવ્યું હતો. ખુશરોના જન્મ અને દેરાસરને બનાવવામાં આવ્યું તે સમય અવધિનું ગાણિતિક પૃથ્થકરણ કરીએ તો માત્ર થાય છે કે ખુશરોના જન્મની ૧૦૦ વર્ષ પહેલા દેરાસર બની ચૂક્યું હતું.

### તબલાંના જન્મદાતા સ્વાતિ મુનિ છે

તબલાના જન્મદાતા સ્વાતિ મુનિ છે. જેમણે ભગવાન વિશ્વકર્માની મદદથી ત્રિપુરસ્કર કે ત્રિપુષ્ક વાદ્યનું નિર્માણ કર્યું હતું. જેનું વર્ણન ભરત નાટ્યશાસ્ત્રમાં છે. આ વાદ્ય ત્રણ ભાગોમાં હતું. ખોળામાં રાખીને વગાડાતો ભાગ 'આંકિક' અંદરથી પોલો અને બંને મુખ પર ચર્મ હતું, બીજો ભાગ 'ઉર્ધ્વક' અને ત્રીજો 'આલિંગ્ય'. આ બંને પોલા અને નીચેથી બંધ હતા. ઉપરના મુખે ચર્મ હતું અને તેને જમીન પર રાખવામાં આવતું.